

# પ્રેમભક્તિરૂપી જળ વિના અંતઃકરણનો મેલ ધોવાતો નથી

**આચમન**
**બિપિન પટેલ**

ગીતાજીના માધ્યમ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણે માનવીના કલ્યાણ માટે કેટલાંક વચનો આપ્યાં છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે હું અંતર્યામી ઈશ્વર સર્વ પ્રાણીઓના હૃદયમાં રહું છું. (18-61) પ્રશ્ન એ થાય કે સૌના હૃદયમાં બિરાજમાન પરમાત્માનું પ્રાક્ટય શી રીતે થાય? શાસ્ત્રો, સંત-મહાપુરુષો કહે છે કે શુદ્ધ અંતઃકરણ શુદ્ધ કેવી રીતે થાય? અંતઃકરણમાં તો જન્મજન્માંતરની મલિનતા ભેગી થઈ ગઈ હોય છે. જન્મોજન્મની ભેગી થયેલી એ મલિનતાને દૂર કરવાનો ઉપાય બતાવતાં ગોસ્વામી તુલસીદાસજી કહે છે, પ્રેમ ભગતિ જલ બિનુ રઘુરાઈ! અભઅંતર મલક બહુ ન જાઈ...પ્રેમભક્તિરૂપી જળ વિના અંતઃકરણનો મેલ ક્યારેય ધોવાતો નથી.

જરા થોભો અને વિચારો. મેલાં-ગંદા કપડાં પર સાબુ ગમે તેટલો ઘસો પરંતુ જો પાણી જ ન હોય તો? શું મેલ સાફ થશે? મોંઘામાં મોંઘા ડિટર્જન્ટ ગમે તેટલો વાપરો પરંતુ પાણી વિના બધાં જ ડિટર્જન્ટ બેકાર બની જાય છે. કપડાંનો મેલ દૂર થતો નથી. એ જ પ્રકારે આપણી પાસે જ્ઞાનનો ભંડાર ગમે તેટલો હોય કે કલાકો સુધી કર્મકાંડ કરતા રહીએ પરંતુ જો તેમાં પ્રેમ કે પ્રેમભક્તિ ન હશે તો અંતઃકરણની મલિનતા ક્યારેય સાફ નહીં થાય. એ જ વાત રઘુકુળના પ્રખર કર્મકાંડી ગુરુ વશિષ્ઠજીએ ભગવાન શ્રીરામ સમક્ષ સ્વીકારી. તેમણે એક વાર શ્રીરામચરિત ઉત્તરકાંડ ભગવાન શ્રીરામને એકાંતમાં મળીને વ્યાકુળ હૃદયે કહ્યું, ‘‘પ્રભુ! હું ઘણા લાંબા સમયથી સૂર્યવંશના પુરોહિત તરીકે રઘુકુળની સેવા કરતો રહ્યો છું પરંતુ મને એવું લાગે છે કે મારા અંતઃકરણની મલિનતા તો પ્રેમભક્તિરૂપી નિર્મળ જળ વિના ધોઈ શકાય તેમ નથી કર્મકાંડ તો વર્ષોથી કરતો આવ્યો છું. કિંતુ... મારું અંતકરણ હજી સાફ, સ્વચ્છ, નિર્મળ થયું નથી માટે મને પ્રેમભક્તિ પ્રદાન કરો કે જેથી મારા મનની, મારા અંતઃકરણની મલિનતા દૂર થાય. પ્રખર કર્મકાંડી જ્ઞાની ગુરુ વશિષ્ઠજીની આ પ્રાર્થના આપણને સમજાવે છે કે પ્રેમભક્તિ વિના અંતઃકરણ સાફ, હજી સાફ થતું નથી જ! હવે પ્રશ્ન એ ઊઠે છે કે આ પ્રેમભક્તિ શું છે? પ્રેમી, પ્રભુ અને પ્રેમસ્પદની અર્થાત્ ભક્ત, વિશુદ્ધ સ્વનો લોપ કરીને ઉત્કૃષ્ટ પ્રેમ વડે પ્રેમાસ્પદ પ્રભુમાં લીન થવાનો ભક્તિમાર્ગ એટલે પ્રેમભક્તિ કે જ્યાં ભક્ત અને ભગવાન બે ભિન્ન ન રહેતાં ઐક્યતા અનુભવે છે! પ્રભુને પામવાનો તીવ્ર તલસાટ જો હૈયે ઊઠશે તો જીવ આપોઆપ પ્રેમભક્તિ પામશે. પોતાના પ્રાણપ્યારા પ્રભુપ્રેમમાં મસ્ત બનેલા આવા પ્રેમીભક્તોને આપણે શિક્ષિત બુદ્ધિજીવીઓ પાગલમાં ખપાવીએ છીએ પરંતુ પ્રિયતમ પ્રભુના દિવ્યપ્રેમના નશામાં પાગલ બનેલા એ પ્રેમદીવાના ભક્તોને મન તો આ દુનિયા જ પાગલ લાગે છે એટલે જ તો કૃષ્ણઘેલી શ્યામદિવાની મીરાંજીએ ગાયું છે, ‘મૈં તો પ્રેમદિવાની.. મેરા દર્દ ન જાને કોઈ’ કૃષ્ણપ્રેમમાં પાગલ બનીને નર્તન કરતી મીરાંજીનું ચિત્ર હું બંધ આંખે જોઉં છું, ત્યારે મને એવું લાગે છે કે પૂર્વ જન્મની ભૂલી પડેલી કોઈ ગોપિકા જ પોતાના માધવને આત્મસાત કરવા પ્રેમભક્તિનો માર્ગ લઈને મીરાંજીના રૂપમાં આવી છે. અનન્ય પ્રેમને ઓળખવાની કે અનુભવવાની શક્તિ આપણી પાસે નથી. હા, તેમણે એક વાત તો સ્પષ્ટ સમજાવી દીધી છે કે ભગવાનમાં અનન્ય પ્રેમ થવાનું નામ જ પ્રેમભક્તિ! જરા થોભો! અનન્ય પ્રેમ વળી શું છે? જગતના બધા જ પદાર્થો, પરલોકના બધાં જ સુખો... અરે! મોક્ષની ઈચ્છા સહિત બધાં જ સુખોથી દૂર થઈને ચિત્ત જ્યારે એકમાત્ર પોતાના પ્રેમાસ્પદ પરમાત્મામાં લીન બને અને બધા જ સંબંધો, પદાર્થો, ભોગોમાંથી મુક્ત બનીને મમતા અને આસક્તિ જ્યારે એકમાત્ર પ્રિયતમ પરમાત્મામાં લાગી જાય તે વિરલ સ્થિતિને ‘અનન્ય પ્રેમ’ કહે છે. જ્યાં ભક્તને પોતાના ભગવાન સિવાય કંઈ જ નજરે નથી પડતું પરંતુ આપણી સ્થિતિ કેવી છે? આપણને તો સર્વત્ર વિષયભોગો જ નજરે પડે છે.

> **જ્ઞાનનો ભંડાર ગમે તેટલો હોય કે કલાકો સુધી કર્મકાંડ કરતા રહીએ પરંતુ જો તેમાં પ્રેમ કે પ્રેમભક્તિ ન હશે તો અંતઃકરણની મલિનતા ક્યારેય સાફ નહીં થાય**

# ખારાશ વિના જીવન શક્ય છે?

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**



એક ઝરણું પહાડ પરથી ખળખળ વહેતું મસ્તીથી રમતું નીચે ઊતરે છે. કોઈ ખોબો ભરી એનું પાણી પીએ છે ને બોલી ઊઠે છે કેટલું મીઠું.

ઝરણાનું કામ વહેવું છે. આગળ જતાં બીજાં ઝરણાંમાં ભેગું થઈ જાય છે. બધાં ભેગાં થઈ આગળ વહે છે. એમ કરતાં એ ઝરણાં એક નદી બની જાય છે. એ નદીમાં અનેક નાનાં-મોટાં ઝરણાં ભેગાં થયાં છે. દરેક મસ્તીખોર અને કલબલાટ કરતાં હોય છે. પછી એ નદી કેટલાય વિસ્તારો પસાર કરતી દરિયા તરફ આગળ વધે છે.

રસ્તામાં કેટલાંય ગામનાં લોકોને તેનું મીઠું પાણી મળે છે. નદીનું કામ પણ વહેવું છે. વહેતું જળ હંમેશાં નિર્મળ હોય છે પણ લોકો એ જળને પ્રદૂષિત કરે છે પણ નદી બહુ સહન કરતી આગળ દોડે છે દરિયાને મળવા. એની મંઝિલ કે મુકામ તો દરિયો જ છે. એ દરિયાને મળવા અધીર બની છે પણ એને ખબર નથી કે દરિયામાં ભળી પોતાનું અસ્તિત્વ મિટાવી દેશે. એનો સ્વભાવ છે સમર્પિત થવાનો.

નદીનું વહેવું એ જ જીવન છે. સમર્પણ એ જ જીવન છે. બીજામાં ભળી જઈ પોતાનું સમગ્ર અસ્તિત્વ મિટાવી દેવું કે બદલાઈ જવું એ કોઈ નાનીસૂની વાત નથી.

એ દરિયાને મળીને ખુશ થશે પણ એમાં ભળી પોતાના મીઠા જળને ખારા જળમાં પરિવર્તિત કરી દેશે. એ નદીનું મીઠું જળ દરિયામાં ભળીને ખારું થઈ જાય છે. એની મીઠાશ એ હવે ભૂલી જાય છે. અહીં તેનો અંતિમ પડાવ છે. સ્ત્રી પણ આમ સમર્પિત થઈ જઈ પોતાનું અસ્તિત્વ મિટાવી નવું રૂપ, નવા વાઘા, નવા સર્જનથી ખુશ થાય છે. દરિયાનું ખારું જળ પીવાના કામનું નથી પણ કોઈ કંઈ નકામું નથી. એ મીઠું આપે છે. મીઠા વિના ભોજન નીરસ રહે છે. એ ખારું પણ નામ મીઠું એના વિના ન ચાલે. શરીરમાં મીઠું ઘટે તો ડૉક્ટર કહે સોડિયમ ઘટી ગયું છે અને સોડિયમની બોટલ ચઢાવે. મીઠું-ખારાશ વિના જીવન શક્ય છે? તમારી જાતને જરા પૂછજો અને આપણે સૌ ખારા જળનાં માછલાં છીએ. આપણને ખારાં પાણી કોઠે પડી ગયાં છે. ખારા પાણીનું માછલું મીઠા જળમાં મરી જાય છે. કંઈ નહી આ વાર્તા જ જીવનનું સત્ય છે. ફરી કહ્યું છું. ખારાશ વિના ન ચાલે એટલે જીવનમાં બધું સ્વીકારીને ચાલતા રહો. નદીની જેમ વહેવું જ જીવન છે.

> **નદી બહુ સહન કરતી આગળ દોડે છે દરિયાને મળવા. એની મંઝિલ કે મુકામ તો દરિયો જ છે. એ દરિયાને મળવા અધીર બની છે પણ એને ખબર નથી કે દરિયામાં ભળી પોતાનું અસ્તિત્વ મિટાવી દેશે. એનો સ્વભાવ છે સમર્પિત થવાનો**




## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા.૧૬ થી તા.૨૨ માર્ચ 2026

### તા.૧૬ સોમવાર
ફાગણ વદ બારસ સોમ પ્રદોષ, પંચક પ્રા. સાંજે 6-15થી

### તા.૧૭ મંગળવાર
ફાગણ વદ તેરસ, શિવરાત્રિ, પંચક.

### તા. ૧૮ બુધવાર
ફાગણ વદ ચૌદશ, એકલિંગજી પાટોત્સવ, દર્શ અમાસ.

### તા.૧૯ ગુરુવાર
ફાગણ વદ અમાસ, ગુડી પડવો, ચૈત્ર નવરાત્ર શરૂ, પંચક, એકમનો ક્ષય. અભ્યંગ સ્નાન, શાલિવાહન શક સંવત 1948 શરૂ. યુગાદિ

### તા.૨૦ શુક્રવાર
ચૈત્ર સુદ બીજ ચેટીચાંદ(સિં), ચંદ્રદર્શન, વિષ્ણુ દિન, સ્વામી સમર્થ પ્રકટ દિન.

### તા.૨૧ શનિવાર
શનિવાર, ચૈત્ર સુદ ત્રીજ,ગૌરી મનોરથ ત્રીજ, ગણગૌર ત્રીજ, મત્સ્ય જયંતી, પંચક, રમઝાન ઇદ(મુ.)(ચાંદ દેખાય તે અનુસાર) જમશેદી નવરોજ(પા.)

### તા.૨૨ રવિવાર
ફાગણ સુદ ચોથ- વિનાયક ચોથ

## સુવિચાર

ભગવાન પર વિશ્વાસ રાખો, કારણ કે જ્યાં માનવ બુદ્ધિ અટકે છે ત્યાંથી ભગવાનની કૃપા શરૂ થાય છે.

માનવી પાસે બધું હોવા છતાં શાંતિ નથી, પરંતુ ભગવાનનો આશરો હોય તો કશું ન હોવા છતાં આનંદ મળે છે.